ગાંધીનગર સમાચાર






## સલામી સવારની..

*'સમાજ' શક્તિ ને નામે રાજકારણે પેઠા !*
*પૂછાયા ન ભાવ પાછલી પાટલીએ બેઠા !*
*એઠામાં થાય છે ગણતરી, બધા પક્ષોમાં -*
*બન્યા સેવાભાવી 'ચામાચીડિયાં' પડયા હેઠા !*

### હાઈકુ

*સ્વાર્થ જોઈને -*
*રાજકીય કાચંડા -*
*બદલે રંગ!*

*નેતા પાછળ -*
*કરે છે કૂદાકૂદ,*
*વાનર 'સેના'*

### ચિંતન

***સ્વભાવેનામૃતો યસ્ય ભાવો ગચ્છતિ મર્ત્યતામ્ ।***
***કૃતકેનામૃતસ્યસ્ય કથં સ્થાસ્યતિ નિશ્ચલઃ ॥***

**ઉપરોક્ત શ્લોક માંડુકયોપનિષદમાંથી લેવામાં આવેલ છે.**

**જેના મતે સ્વભાવથી અમર પદાર્થ (પણ) મરણશીલ બને, (તો પછી), તેના મત પ્રમાણે કૃતક (જન્મ) હોવાને કારણે એ અમર પદાર્થ કેવી રીતે ચિરસ્થાયી રહી શકે ?**

**જીવની ઉત્પત્તિની વાત સર્વથા અસંગત છે, એ સ્પષ્ટ કરવા કારિકાકાર કારિકાઓમાં કહે છે તે ઉપનિષદો પર વ્યાખ્યાન કરનારા કેટલાક બ્રહ્મવાદીઓ બ્રહ્મને 'અજ' અને 'અમર' માનવા છતાં બ્રહ્મની 'જાતિ' (ઉત્પત્તિ) સ્વીકારે છે ! પરંતુ અજન્મા બ્રહ્મનો જન્મ સ્વીકારીએ, તો પછી તેનું મૃત્યુ પણ સ્વીકાર્યે જ છૂટકો !**

### સુવિચાર

- જીવન જીવવું એ શાનદાર ચીજ છે, તેને સંજીવની વિદ્યા પણ કહે છે - **સ્નેહલ ભટ્ટ**
- પાપમાં પ્રસન્નતા પ્રગટ કરવી, પાપને પુષ્ટ કરવું, આ નરકગામી બાબતો - **પદ્મસાગરજી**
- જીવવા જેવું જીવાયું નહીં, જીવવાની આવડત મોંઘી પડી - **એસ. ભટ્ટાચાર્ય**
- ખેતરમાં વાવેલા બધા જ બી કંઈ ફળતા નથી,
  પરંતુ જીવન ઉપવનમાં વાવેલા સત્કર્મનું એક પણ બીજ નકામું જતું નથી - **અમૃતબિંદુ**
- કોઈ પુરસ્કાર આપે કે તિરસ્કાર છતાં,
  તમે સ્થિતપ્રજ્ઞ રહો એવી સ્થિતિ ભજન કરવાથી આવશે - **મોરારિ બાપુ**
- માણસ નમ્રતા ના સંસ્કાર પામે તો મોટા બને - **સાધુ અક્ષરજીવનદાસ**
- આજનું ઔષધ : બાળકોને ગાજરનો રસ પીવડાવવાથી દાંત નીકળવામાં સરળતા રહે છે અને દૂધ પણ સારી રીતે પચે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા


રુસી મોદી તાતા સ્ટીલના જમશેદપુરના પ્લાટનાં હેડ હતા ત્યારની વાત. એક કામદારે મોદીને રૂબરૂ ફરિયાદ કરી કે અમારા કામદારોના શૌચાલયો તથા વોશરૂમ ખૂબ ખરાબ હાલતમાં છે. સ્વચ્છતા બીલકુલ જળવાતી નથી અને કામદારોનું સ્વાસ્થ્ય પણ કંપનીની જવાબદારી છે. વળી મેનેજરો અને એન્જીનીયરો માટે ખૂબ સ્વચ્છ અને સુઘડ એવા વોશરૂમ હોય છે તો અમને કેમ નહીં ? રુસી મોદીએ તેમના પ્લાન્ટ મેનેજર ને પૂછ્યું, 'કામદારોની આ ફરિયાદ વ્યાજબી છે, તમે તે કામગારોનો પ્રશ્ન કેટલા દિવસમાં હલ કરશો ?' મેનેજરે કહ્યું, 'એક મહીનો થશે' રુસી મોદી એ કહ્યું, એક સુથાર મારી પાસે મોકલજો. હું આ પ્રશ્નને બને એટલે જલ્દી મારી રીતે હલ કરીશ.' રુસી મોદી અને સુથાર પ્લાન્ટમાં જઈને મેનેજરોના ટોઈલેટ બ્લોકનું પાટીયું ઉખાડી કામદારોના ટોઈલેટ બ્લોક પર લગાવી દીધું અને કામદારોના ટોઈલેટ બ્લોક ઉપર લાગેલું પાટીયું મેનેજરોના ટોઈલેટ બ્લોક પર લગાવ્યું. આમ થતાં જ એક અઠવાડિયામાં મેનેજરો અને કામદારોના ટોઈલેટ બ્લોક એક સરખા ચોખ્ખા અને સુઘડ બની ગયા. પારસી બાવા રુસી મોદીનો કામદારોએ જય જયકાર કર્યો.

# ચૂંટણી જંગમાં મહિલા પ્રતિમાઓ

**તંત્રીસ્થાનેથી...**

લોકસભાની ચૂંટણી સાત તબક્કાઓમાં વહેંચાઈ ગયેલી છે જેના પ્રથમ તબક્કામાં ૯૧ બેઠકો પર મતદાન સંપન્ન થયું છે. જો કે કાશ્મીરથી આંદામાન-નિકોબાર અને લક્ષદ્વીપ પર્યંત થયેલા પહેલા તબક્કાના મતદાનમાં બંગાળનો જાગ્રત મતદાતા સૌથી મોખરે રહ્યો છે તો વળી આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુએ આખા રાજયમાં પુનઃ મતદાન કરાવવાની માગણી કરી છે કારણ કે વોટિંગ મશીન એટલા ખામીવાળાં હતા કે મતદાતા નિરાશ થઈને કાં તો પાછા વળી ગયા હતા કાં તો એમનો મત પડ્યો જ ન હતો. આવી ફરિયાદ ખુદ આંધ્રપ્રદેશના મુખ્ય ચૂંટણી અધિકારીએ પણ કરવી પડે તે કેવી કમનસીબી છે ! વિપક્ષો ઘણા લાંબા વખતથી ચૂંટણી મશીનને બદલે બેલોટ-મતપત્ર તરફ પાછા ફરવાની માગણી કરતા રહ્યા હતા. અમેરિકા જેવા દેશમાં પણ જો વોટિંગ મશીન ન વપરાતું હોય તો ભારત જેવા વિશાળ મતદાર સમુદાયમાં આપણી ઊડઝૂડ વ્યવસ્થા વચ્ચે એ કેવી રીતે સફળ થાય તે પ્રશ્ન છે. વોટિંગ મશીનમાં ગરબડના પ્રશ્નો પણ ઉપસ્થિત થયા છે. હાથ પર આંગળી મૂકતા વોટ પડતો જ નથી અને હાથીનું બટન દબાવવા છતાં વોટ કમળને મળે છે - આવી ભયંકર સ્થિતિ પહેલા તબક્કાના મતદાન વખતે જ કેટલાક કિસ્સાઓમાં જોવા મળી છે. આથી મુક્ત અને ન્યાયસંગત ચૂંટણીની વિભાવનાઓને છેદ જ ઊડી જતો લાગે તે સ્વાભાવિક છે. જમ્મુ મતવિસ્તારમાં સરકારી અધિકારી જાતે જ ભારતીય જનતા પાર્ટીના પ્રચારક બનીને મતદાતાઓને પ્રભાવિત કરતા જોવા મળ્યા, ચૂંટણી પંચની વિશ્વસનીયતા સંદર્ભે ફક્ત વિપક્ષોમાં જ નહીં, વિશાળ મતદાર સમુદાયમાં પણ શંકાનો કીડો સળવળી રહ્યો હોય તો તે ખરેખર અત્યંત કમનસીબ બાબત ગણાવી જોઈએ. આદર્શ આચાર સંહિતાનો છડેચોક ભંગ કરીને વૈજ્ઞાનિક તથા સેનાની સિદ્ધિઓ પોતાના નામે ચડાવી પ્રચાર સભાઓ ગજવતા વડાપ્રધાન આગળ ચૂંટણીપંચની બકરી બેં થઈ ગઈ છે. માયાવતીને મુસ્લિમોના મત વહેંચાઈ ન જાય એવી અપીલ પણ અપાય છે પણ વડાપ્રધાનને ટપારવાની કોઈની હિંમત નથી. સોનિયા ગાંધી અને સ્મૃતિ ઈરાનીને ઉમેદવારીપત્રો ભર્યાં છે, ત્યારે રાયબરેલી બેઠક પરથી સતત ચાર વખત ચૂંટાયેલાં નહેરુ ગાંધી પરિવારનાં વિદેશી મૂળનાં મહિલાનો આત્મવિશ્વાસ દાદ માગી લે છે. કેથોલિક ખ્રિસ્તી હોવા છતાં ચુસ્ત હિંદુવિધિથી હવન કરાવવો, પંડિત પાસે મંત્રોચ્ચાર કરાવવા વગેરે બાબતો બહુમતી મતદાર સમુદાયને રાજી કરી શકે, પરંતુ એથી વધુ મહત્ત્વની બાબત તો સોનિયા ગાંધીએ વડાપ્રધાન મોદીની 'અજેયતા' સંદર્ભે કરેલ નિવેદન છે. એમણે ભારોભાર આત્મવિશ્વાસ વ્યક્ત કરતાં કહ્યું કે લોકશાહીમાં કોઈ 'અજેય' ને હોઈ શકે. પ્રજા ગમે તેવા મોટા ચમરબંધીને પણ એનું સ્થાન બતાવી દઈ શકે છે. ૨૦૧૪ની ચૂંટણી વખતે અટલબિહારી વાજપેયી અજેય લાગતા હતા છતાં કોંગ્રેસનો વિજય થયો હતો. સોનિયા ગાંધી મૂળે રાજકારણનો જીવ નથી, પરંતુ દેશના સૌથી મોટા રાજકીય પરિવારના વહુ થઈને આવ્યાં એટલે સમયે એમને અઠંગ રાજકારણી બનાવી દીધા છે. સોનિયાની જેમ અમેઠીનાં ઉમેદવાર સ્મૃતિ ઈરાની પણ મૂળે તો રાજકારણમાં અકસ્માતે આવી ચડેલું પાત્ર જ છે. સ્મૃતિ ઈરાની એની શૈક્ષણિક લાયકાત સંદર્ભે વિવાદગ્રસ્ત રહ્યા છે. ૨૦૦૪ અને ૨૦૧૪માં એમણે પોતે બી.એ. અને બી.કોમ. થયેલા હોવાનો દાવો કર્યો હતો. ૨૦૧૯માં જાતે જ પારોઠનાં પગલાં ભરીને પોતે દિલ્હી યુનિવર્સિટીમાં બી.કોમ.ના પહેલા વર્ષની પરીક્ષા આપ્યા પછી અભ્યાસ અધૂરો છોડી દીધો હોવાનું કબૂલ્યું છે. મોદીએ જેમને દેશ આખાના શિક્ષણ વ્યવસ્થાનાં સૂત્રધાર બનાવ્યાં હતા અને જે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ તથા વડાપ્રધાન પદના ઉમેદવાર સામે ચૂંટણી લડી રહ્યાં ચે, એમની આ 'અવઢવ' ચૂંટણી મુદ્દો ના બને તો જ નવાઈ.

# ક્રોધ કો પાલના સીખ કાશી...




ક્રોધ કો પાલના સીખ કાશી, જબ ગાંધીજી કો ગાડી કે બહાર ફેક દીયા ગયા, તો ઉન્હોને ટી.સી. પર અપના ક્રોધ ઝાયા નહીં કિયા બલ્કે ઉન્હોને અપને ક્રોધ કો પાલા. ઉસકા ઈસ્તમાલ દેશ કો આઝાદ કરને કે લિયે કીયા.... તુજે ભી વહી કરના હે કાશી...

**- ઘાતક**

૧૯૯૬માં બોલીવુડની એક પછી એક ઘણી યાદગાર ફિલ્મો આવી. રાજા હિન્દુસ્તાની, ઘાતક, માચીસ, ખામોશી, બેંડીટ ક્વિન, અગ્નિસાક્ષી... વગેરે વગેરે અઢળક ઉમદા ફિલ્મોમાંની એક એટલે રાજકુમાર સંતોષી દિગ્દર્શિત અને સની દેઓલ અભિનીત 'ઘાતક'. આ ફિલ્મ 'માઈલસ્ટોન' ગણાય છે. શ્યામ ગુપ્તા દ્વારા લખાયેલા આ ફિલ્મના સંવાદોને દર્શકોએ મંત્રમુગ્ધ કરી દીધા હતા. અમરીશ પુરીને આ ફિલ્મ માટે બેસ્ટ સપોર્ટીંગ એકટરનો એવોર્ડ મળ્યો હતો. ઉપરનો સંવાદ અમરીશપુરીના મુખે જ બોલાવવામાં આવ્યો છે, જેમા તે સની દેઓલને ગુસ્સા પર કાબૂ મેળવવા માટે સમજાવે છે અને કહે છે કે ગુસ્સાનો સાચો ઉપયોગ કરીને કેવી રીતે સફળતા મેળવી શકાય.

ઉપરોક્ત સંવાદના અર્થસામ્યવાળી જ એક પંક્તિ મહાકવિ માઘ રચિત 'શિશુપાલવધમ્' માં મળી આવે છે.

**જિતરોષરયા મહાધિયઃ સપદિ ક્રોધજિતો લઘુજનઃ ।**

બુદ્ધિમાન વ્યક્તિ ક્રોધના આવેગનો વિજેતા હોય છે, જયારે મૂર્ખ વ્યક્તિ ક્રોધ સામે હારી જાય છે. ક્રોધરૂપી ઊર્જાનો ઉપયોગ જો સકારાત્મક રીતે કરવામાં આવે, તો નિશ્ચિતપણે ધ્યેય સિદ્ધ થાય છે. પરંતુ ક્રોધને સાચા રસ્તે વાળવામાં મૂર્ખ લોકો વામણાં પુરવાર થાય છે.


'શિશુપાલવધ' કાવ્યનો પંચમહાકાવ્યમાં સમાવેશ થાય છે. મહાભારતની કથા આધારિત શિશુપાલનો શ્રીકૃષ્ણ દ્વારા વધ કરવામાં આવ્યો તે આ કાવ્યનો વિષયવસ્તુ છે. મહાકવિ માઘનો સમય ઈ.સ. સાતમી સદીનો માનવામાં આવે છે. તેઓ શ્રીમાળનગરના રાજકવિ હતા. શિશુપાલવધ '૨૦' સર્ગમાં વિભાજીત છે. એક પ્રચલિત સંસ્કૃત શ્લોક કવિ માઘ વિશે પ્રચલિત છે.

**ઉપમા કાલિદાસસ્ય ભારવેરર્થગૌરવમ્ ।**
**દણ્ડિનઃ પદલાલિત્યં માઘે સન્તિ ત્રયો ગુણાઃ ॥**

કાવ્યમાં કાલિદાસની ઉપમા પ્રખ્યાત છે, તો ભારવિ અર્થગૌરવ માટે જાણીતા છે, અને દણ્ડિ પદલાલિત્ય માટે પ્રખ્યાત છે, જયારે માઘમાં તો આ ત્રણેય ગુણો એટલે કે ઉપમા, અર્થગૌરવ અને પદલાલિત્ય એક સાથે રહેલા છે. તે સમયનું શ્રીમાળનગર એટલે અત્યારનું રાજસ્થાનનું 'ભિન્નમાળ'. મહાકવિ માઘ શ્રીમાળી બ્રાહ્મણ હતા. અને તેઓ ખૂબ સમૃદ્ધ કુટુંબમાં જન્મ્યા હતા. ભારતીય ટપાલ વિભાગ દ્વારા ઈ.સ. ૨૦૦૯માં તેમના ચિત્રવાળી ટપાલ ટિકિટ પણ બહાર પાડવામાં આવી હતી.

-jayuoza@gmail.com, Mo. 9898046488

# 'એક શામ કવિ કે નામ'




વૃત્તસંચય

● વિસરાતી ગરવી ગુજરાતી ભાષામાં લોકોનો રસ કેળવાય અને માતૃભાષાના ગરવા ગુજરાતી માતૃભાષાનાં ખેડાણ કરી, તેને સમૃદ્ધ બનાવે અને તેને સદાય ધબકતી અને મધમધતી રાખે તે હેતુસર ગાંધીનગર સાહિત્યસભા દ્વારા યોજવામાં આવતા સાહિત્યિક કાર્યક્રમોમાં, 'એક શામ કવિ કે નામ' અંતર્ગત હિન્દીના જાણીતા કવિ લલિત કિશોર અગ્રવાલના કાવ્યોના પઠનનો એક કાર્યક્રમ, તા. ૧૪-૦૪-૨૦૧૯ને રવિવારના રોજ સાંજના ૫.૩૦ વાગ્યે, યુથ હોસ્ટેલ, સેકટર-૧૬, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. લલિત કિશોરના કાવ્યોનું પઠન ઉપરાંત 'લોકાર્પણ'ના તંત્રી ગૌરાંગ પંડ્યા 'સાહિત્ય અને પત્રકારત્વ' અંગે વકતવ્ય આપશે. આ માતૃભાષાના સાહિત્યિક કાર્યક્રમને માણવા સંસ્થાના સદસ્યો, સાહિત્યકારો, સાહિત્યરસિકો/ભાવકોને હાજર રહેવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

● ગાંધીનગર સાહિત્યસભાના સભ્ય અને અડાલજ શિસ્ત કવિ બાબુબાઈ નાયકના કાવ્યસંગ્રહ 'હાલ્યને સૈયર' ના વિમોચન અને લોકાર્પણ વિધિનો કાર્યક્રમ તા. ૨૮-૦૪-૨૦૧૯ને રવિવારના રોજ સવારે ૧૦.૧૦ વાગે, માણેકબા વિદ્યાસંકુલ (અન્નપૂર્ણા સર્કલ) અડાલજ, (અમદાવાદ-મહેસાણા હાઈવે) ખાતે રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં પધારવા જાહેર હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

- mujjibhaidadhi@gmail.com
(M) 9824236893

# સંત કવિ ઈસરદાસજી અને હરિરસ




ભજન તથા કથાઓનો ભંડાર એ આપણાં ઉજળા વારસાના અમૂલ્ય મણકા સમાન છે. આધુનિક ટેકનોલોજીનો ઉદય થયો તે પહેલા આપણાં ભજનિક સંતો તેમજ નાના-મોટા કથાકારોએ પોતાનીસાદી તેમજ સરળ શૈલિમાં વિશાળ શ્રોતાગ્રહને સંસ્કારની સરવાણીથી ભીંજવ્યા છે. આવા કથાકારો – ભજનીકોની તપસ્યા સમાન તેમજ સાતત્યપૂર્ણ પ્રવૃત્તિ સિવાય જન જન સુધી શાસ્ત્રોની સરવાણી કદાચ પહોંચી શકી ન હોત. મધ્યયુગના આપણાં અનેક સંતોના સાદા જીવન તથા ઉત્તમ વિચારોથી પણ વ્યાપક જન સમૂહ પ્રભાવિત થયો છે તેમજ દોરવાયો છે. તુકારામ કે તુલસીદાસના જન સામાન્ય પરના પ્રભાવની વાત સ્પષ્ટ રીતે અનુભવી શકાય છે. તમામ કથાઓમાં રામકથાનું સ્થાન અગ્રેસર રહેલું છે. રામનવમીના પવિત્ર દિવસે કરુણાનિધાન ભગવાન શ્રી રામચન્દ્રની યશોગાથાનું અનેક પેઢીઓથી ફરી ફરી ગાન થયા કરે છે તે બાબત ફરી સ્મરણમાં આવે છે. રામાયણ કે રામચરિતમાનસ આપણાં એવા મહાગ્રંથ છે કે તેમનું આકર્ષણ જનસામાન્યને કદી ઓછું થયું નથી. રામાયણ તથા ભાગવતની કથાઓ કહેવાતી રહે છે. વ્યક્તિગત રીતે સમાજના અનેક નાગરિકો તેમની ગ્રહણ કરવાની શક્તિ મુજબ લાભાન્વીત પણ થતા રહે છે. આજ રીતે ભક્ત કવિ ઈસરદાસજીની પવિત્ર વાણીનો પ્રવાહ 'હરિરસ' નામના ગ્રંથના માધ્યમથી વર્તમાન સમયમાં પણ સતત વહેતો રહેલો છે. સંત કવિની રચનાઓ તો અનેક છે. દરેક રચનાને પોતાનું અલગ ભાવવિશ્વ છે. પરંતુ હરિરસ તેમજ જગદંબાની કૃપા પામવા માટેનો ગ્રંથ 'દેવીયાંણ' એ વિશેષ પ્રચલિત તથા લોકાદર પામેલા મૂલ્યાવન ગ્રંથ છે. 'હરિરસ' તથા 'દેવીયાંણ' ના આવા અનેરા મૂલ્યને વિશેષ સ્પષ્ટ કરવા માટે લીંબડી રાજ્યકવિ શંકરદાનજી દેથાએ સરળ તથા અર્થપૂર્ણ પંક્તિઓ લખી છે.

વાંચો શ્રીમદ્ ભાગવત
મોટો ગ્રંથ મહાન
કે આ હરિરસ નીત પઢો
શુભ ફળદાયી સમાન.
વાંચો દુર્ગા શપ્ત સતી
યા વાંચો દેવીયાંણ
શ્રોતા – પાઠીકો પરમ
સુખપ્રદ ઉભય સમાન.

હરિરસ કાવ્યની રચના કર્યા પછી ભક્ત કવિ ઈસરદાનજીએ આ કાવ્ય દ્વારકાધીશને અર્પણ કર્યાની માન્યતા છે. ઉપરોક્ત માન્યતા વ્યાપક રીતે સ્વીકૃત થયેલી છે. "ગુજરાત ઈતિહાસ પરિષદ" ના દ્વારકામાં યોજવામાં આવેલા છઠ્ઠા અધિવેશનમાં (૧૯૭૧) પરિષદની સ્વાગત સમિતિ તરફથી એક ગ્રંથ પ્રગટ કરવામાં આવ્યો હતો. આ ગ્રંથ વિદ્વત જન શ્રી પુષ્કરભાઇ ગોકાણીએ દ્વારકા મંદિરનો સંક્ષિપ્ત ઈતિહાસ લખીને પ્રગટ કરેલો હતો. પ્રસ્તુત ગ્રંથમાં સંશોધનના આધારે નોંધાયું છે કે ઈ. સ. ૧૫૪૦ ના અરસામાં કવિ ઈસર બારોટે હરિરસ ગ્રંથ દ્વારકાનાથના મંદિરમાં સંભળાવીને પરમાત્માને અર્પણકર્યો. ઓખામંડળ પર લખવામાં આવેલા અન્ય ગ્રંથોમાં પણ તેનો ઉલ્લેખ છે. અલબત્ત, ચોક્કસ સમય કાળ બાબતમાં તેમાં ભિન્ન મંતવ્ય છે જે આવા ઐતિહાસિક પ્રસંગોમાં મહદ્ અંશે જોવા મળતા હોય છે.

મધ્યયુગના ભક્ત કવિઓમાં એક મહત્વની ખૂબી એ રહી છે કે તેમણે કોઈપણ જાતના સામાજિક કે સાંપ્રદાયિક બંધનો કે પ્રથાઓને તોડીને ભક્તિરસની લહાણી સમાજના તમામ વર્ગો સુધી કરી છે. આ વાણીનો પ્રવાહ તેમજ તેનું સ્વરૂપ ગંગા – યમુનાના પાવન પ્રવાહ સમાન રહેલું છે. તમામ જીવંત હસ્તીઓ આ પવિત્ર પ્રવાહના પ્રભાવથી લાભાન્વીત થઈ છે.

ભક્ત કવિ ઈસરદાસજીની વાણીનો પ્રવાહ પણ ગંગોત્રીની પવિત્ર ધારા સમાન અખંડ વહેતો રહેલો છે. હરિરસનો જ્ઞાન વૈભવ પરમ પવિત્ર ગ્રંથ શ્રીમદ્ ભાગવત જોડાજોડ મૂકી શકાય તેવો છે. મહાભારતના ભીષણ સંગ્રામમાંથી જેમ ભગવતગીતાની ઉત્પતિ સમગ્ર માનવજાતિના કલ્યાણ માટે થઈ તેજ રીતે ભક્ત શિરોમણી ઈસરદાસજીના આધ્યાત્મ ઉન્નતિ પ્રવાસ પથ પર હરિરસનું નિર્માણ લોક કલ્યાણ માટે થયું હોય તેમ જણાય છે. પરમ તત્વની ઉપાસનાનું આટલું અસરકારક અને સચોટ નિરૂપણ ઈસરદાસજી જેવા મહામાનવ જ કરી શકે. આચાર્ય બદ્રીપ્રસાદ સાકરીયાએ લખેલી એ વાત નિર્વિવાદ છે કે હિન્દી સાહિત્યમાં જે સ્થાન ગોસ્વામી તુલસીદાસ કે કૃષ્ણભક્ત સુરદાસનું છે તેવુંજ સ્થાન સૌરાષ્ટ્ર-સિંધ-કચ્છ-થરપારકરના સાહિત્યમાં ઈસરદાસજીનું છે. 'ઈસરા પરમેસરા' તરીકેની તેમની ઓળખ તેમણે સર કરેલા અધ્યાત્મના ઉચ્ચ શીખરોને કારણેજ પ્રસ્થાપિત થયેલી છે. મહાત્મા ઈસરદાસજીએ હરિરસ ઉપરાંત વિપુલ સાહિત્યનું સર્જન તેમના જીવનકાળ દરમ્યાન કર્યું. તેમનું સાહિત્ય ગુજરાત તથા રાજસ્થાનની સહિયારી સંપત્તિ છે. હરિરસ ઉપરાંત માતૃ ઉપાસનાનો અમૂલ્ય ગ્રંથ 'દેવીયાણ' આજે પણ પ્રચલિત છે અને વ્યક્તિગત તથા સામૂહિક પ્રાર્થનામાં તેનો બહોળો ઉપયોગ થાય છે. મધ્યકાલિન યુગમાં જ્ઞાન, વૈરાગ્ય અને સંસ્કારના ફેલાવા માટે વિવિધ પ્રદેશોમાં થયેલા સંત-ભક્તોએ ખૂબજ મહત્વનો ફાળો આપ્યો છે. લોકો સમજી શકે તેવી સરળ ભાષા અને શૈલીમાં તેમણે સચોટ ઉદાહરણો સાથે વેદો અને ઉપનિષદોમાં પ્રબોધેલું જ્ઞાન લોકો સુધી પહોચતું કર્યું.

આજે પણ સુરેન્દ્રનગરની હરિરસ સ્વાધ્યાય સભાને અનેક સ્થળો તથા પ્રસંગોએ હરિરસ પાઠના નિયમિત નિમંત્રણ મળ્યા કરે છે. પ્રખર વિદ્વાન તથા સૌજન્યની મૂર્તિ સમાન સર પ્રભાશંકર પટ્ટણીએ ૧૯૨૮ માં લખ્યું હતું કે હરિરસનું શ્રધ્ધાથી પાન કરનારને નવી દ્રષ્ટિ નવું બળ તથા નવું ચેતન મળી શકે છે. પૂજ્ય આઈ શ્રી સોનબાઈ મા ને ભક્તકવિઓના સાહિત્ય તરફ એક વિશિષ્ટ લગાવ હતો. "ચારણ" દ્વિમાસિકમાં એપ્રિલ-૧૯૫૫ના અંકમાં માતાજીના હરિરસ ગ્રંથ માટેના ઉદ્ગારો નોંધવામાં આવેલા છે. માતાજી લખે છે : (બધા સંત સાહિત્યમાં) " ઈસરદાસજીની ભાત નોખી છે. ભક્તિ મહાસાગરના બહોળા પાણી એમણે નાનકડી ગાગરમાં ભર્યા છે. એમનું તત્વજ્ઞાન ભક્તિના રંગમાં રંગાયેલું છે. હરિરસ ભાગવતનું તત્વ છે અને સાચું રસાયણ છે. હરિરસને પચાવવાથી જન્મ-મરણના ફેરા ટળે છે. " હરિરસ – દેવીયાંણ જેવા ગ્રંથો આપણાં સંત સાહિત્યના ભવ્ય તથા ઉદાત શિખર સમાન છે.

# 'મારો જન્મ બ્રિટીશ સામ્રાજ્યનો નાશ કરવા માટે થયો છે': મહાત્મા ગાંધી




બારમી માર્ચે સાબરમતી આશ્રમથી નીકળેલા દાંડીકૂચના સેનાપતિ મોહનદાસ કરમચંદ ગાંધી તેમની સૈનિક ટુકડી સાથે પચીસમા દિવસે સાંજના સમયે દાંડી પહોંચી ગયા હતા. કુલ ૨૪૧ માઈલની મજલ કાપી એ અગાઉ એકસઠ વરસના આ નવજુવાન ડોસલાએ સાબરમતીની સાક્ષીએ પ્રાર્થના સભામાં ઉદગાર કાઢ્યો હતો કે 'મારો જન્મ બ્રિટીશ સામ્રાજ્યનો નાશ કરવા માટે થયો છે હું કાગડા ને મોતે મરીશ, કૂતરાને મોતે મરીશ, પણ સ્વરાજ લીધા વગર આશ્રમમાં પગ મૂકવાનો નથી'. આ ઉપરાંત તેમણે કુચ પહેલા કહ્યું હતું કે 'જે યુદ્ધનો આરંભ આવતીકાલથી થવાનો છે અથવા હું એકાદ કલાકમાં જ પકડાવાનો હોવ ત્યારથી થવાનો છે, તે યુધ્ધ સ્વરાજ મળતા સુધી કદી બંધ ન થાય. આપણો કેસ સાચો છે. આપણાં સાધન શુધ્ધમાં શુધ્ધ છે અને જ્યાં શુધ્ધ સાધન છે ત્યાં પરમેશ્વર છે'. પરમેશ્વરની વાતથી ભાષણ પૂરૂં કરીને તેમણે બીજે દિવસે સવારના પહોર માં છ વાગે સાથીઓ સાથે દાંડીકૂચ શરૂ કરી હતી. અંગ્રેજ સાથી રેજિનાલ્ડ રેનલ્ડસ દ્વારા વાઈસરોયને લખેલા પત્રથી માંડીને દાંડીકૂચની શરૂઆત કરીને છેક તેમની ધરપકડ થઈ ત્યાં સુધીના ગાળામાં ગાંધીએ પ્રજા સાથે પ્રવચનો દ્વારા જે અસરકારક પ્રત્યાયન કર્યું હતું તે જોવા જેવું છે. દાંડીકૂચ દરમિયાનના મહાત્મા ગાંધીના ભાષણો સમજવા જેવા છે.

જેમકે સાબરમતી આશ્રમની છેલ્લી સભામાં દાંડીકૂચની લડતમાં બહેનોને દાખલ કરવી કે કેમ તે પ્રશ્ન ઊભો થયો ત્યારે ગાંધીજીએ સ્પષ્ટ કહ્યું કે 'બહેનોનો વારો પછીથી આવશે, આ વખતે તો મારે આપણા યુવાનો તથા આધેડોને માથાફોડાવતા અને છાતીમાં ગોળી ઝીલતાં શીખવવું છે. સરકારને હું શેતાની કહું છું છતાં બહેનો ઉપર તે લાઠી ગોળી નહીં ચલાવે તેટલી સભ્ય છે એમ હું માનું છું, એટલે બહેનોને દાખલ કરીને ભાઈઓને બચાવી લેવાનો મારો ઈરાદો નથી. કુચ શરૂ થઈ અને પાછળથી જ્યારે બહેનોએ આ લડતમાં જોડાવાનો સતત આગ્રહ ચાલુ જ રાખ્યો ત્યારે વિજલપુર મુકામે બહેનોની સભા મળી હતી તેમાં ગાંધીજીએ કસ્તુરબા અને મીઠુબેન પીટીટની સરદારી હેઠળ સુરત જિલ્લામાં દારૂ-તાડી અને પરદેશી ચીજો વેચતી દુકાનો ઉપર પીકેટીંગ કરાવવાનું કામ તેમને સોંપ્યું. ગાંધીજીએ સોંપેલું કામ મહિલાઓએ દીપાવ્યું હતું તેટ્લું અદ્ભૂત કામ કર્યુ હતું. ગાંધીએ વ્યક્તિગત સમજણ દ્વારા દાંડીકૂચ સાથે મહિલાઓને પણ જુદા જ પ્રકારની આઝાદી મેળવવા માટે સ્વાતંત્ર સંગ્રામમાં જોડવાનું કામ કર્યુ હતું.

**દાંડીકુચમાં કોઈ મોટા નેતાઓને નહિં જોડીને પણ ગાંધીએ જન જન ને કુચમાં જોડી દીધાં**

ગાંધીજીએ કુચની આગલી સાંજે સભામાં જે પ્રવચન કર્યું તેમાં તેમણે સ્પષ્ટ કહ્યું હતું કે 'સાવ સંભવિત છે કે આ મારું છેલ્લું ભાષણ હોય, સવારના જો સરકાર મને કુચ કરવા દેશે તો પણ આ સાબરમતીને પવિત્ર કાંઠે અથવા મારી જિંદગીનું પણ આ છેલ્લું ભાષણ હોય. એમ ધારી લો કે આવતીકાલે સરકાર મને કે મારા સાથીઓને પકડી લેતો પણ જલાલપોર લગીનો કૂચનો કાર્યક્રમ તો ચાલવો જોઈએ. એ માટે ભરતી ગુજરાતમાંથી થશે. મારી ખાતરી છે કે કુચની અખંડ ગંગાધારા ચાલ્યા જ કરશે. અમે બધા પકડાઈ જઈએ તો પણ અશાંતિ મુદ?લે ય ના થાય અને આ મારા શબ્દો આખા હિન્દુસ્તાનમાં પહોંચી જાઓ. જો આ ટુકડી કે હું ખપી જાઉં તો અમારું કાર્ય તો પૂરું થાય પણ મહાસભાની વર્કિંગ કમિટી જે રીતે દોરે તેમ તમારે દોરાવવાનું છે. મારા સાથીઓ અહિંસાને ધર્મ માનતા હોય, અને લડતની લગામ હાથમાં હોય એ પછી પણ તેમનો ધર્મ એ જ રહશે એમ હું ઈચ્છું છું. એટલે કે ગાંધી દાંડીકૂચ પહેલા જ પોતાની ગેરહાજરીમાં પણ દેશનો સ્વતંત્ર સંગ્રામ અવિરત ચાલે, સત્ય અને અહિંસા થકી ચાલે અને સ્વાતંત્ર મેળવાય જ એવી આશા ભારતીયોમાં પૂરવાનું કામ કરે છે.

મહાત્મા ગાંધી પોતે તો મીઠાનો કાયદો તોડવા માટે નીકળ્યા પરંતુ તે સાથે તેમણે મહિલાઓને પિકેટિંગના માધ્યમથી મહિલાઓને આંદોલનમાં જોડી દીધી તો ગુજરાત બહારના પ્રદેશો અને પ્રાદેશિક અને રાષ્ટ્રીય કક્ષાના આઝાદીની લડતના નેતાઓને પણ મીઠાના કાયદાના ભંગ માટે સ્થાનિક કક્ષાએ જનઆંદોલનમાં જોડી દીધા. ગાંધીજીએ સંદેશો પાઠવ્યો:× જે જે ઠેકાણે મીઠાના કાયદાનો ભંગ કરી શકાય તે તે ઠેકાણે એ શરૂ થઈ જવો જોઈએ. મીઠાના કાયદાનો ભંગ કરવા માટે તેમણે ત્રણ રસ્તાઓ પણ બતાવ્યા. જ્યાં મીઠું સહેજે પકાવી શકાય ત્યાં પકવવું એ ગુનો છે, એ જેઓ લઈ જશે અને વેચશે તો તે ગુનો કરશે અને જકાત નહિં ભરીને મીઠું વેચાતુ લેનાર પણ ગુનો કરશે તો દંડાશે. આ દોડવાનો સહેલામાં સહેલો રસ્તો છે. બહુ સ્વાભાવિક છે કે મીઠું તો દરિયાકાંઠે જ ઉપલબ્ધ હોય પરંતુ ભારતની ભૌગોલિક સ્થિતિ જોતા ભારતના તમામ પ્રાંતોને દરિયાકાંઠો ઉપલબ્ધ ન હોઈ, મીઠાના અગર ન હોઈ મીઠું પકવવાની વાત શક્ય ન હોય. પરંતુ જો ત્યાં મીઠું પકવવાનું કામ કરવામાં આવે એને લઈ જવામાં આવે કે વેચવામાં આવે અને જકાત ભરવામાં ન આવે તો મીઠાના કાયદાનો ભંગ જ છે, ભલે દરિયો ના હોય પણ જો મીઠાના કાયદાને તોડવો હોય તો આ સહેલામાં સહેલો રસ્તો હતો. ઘણા નેતાઓએ ગાંધીજીને મીઠાનો કાયદો તેમના વિસ્તારમાં મીઠું પાકતું ન હોવાને કારણે મુશ્કેલી છે તો મીઠાં કાયદાને તોડવા કરતા સ્થાનિક પ્રશ્નો જે વધારે પ્રભાવી હોય અને અંગ્રેજ સરકાર તેને ઉકેલવા માટે પ્રયાસ ન કરતી હોય તો ત્યાંના સ્થાનિક પ્રશ્નોને ધ્યાનમાં લઈને દાંડીકૂચના દિવસો દરમિયાન સ્થાનિક કક્ષાએ પોત પોતાના પ્રશ્નોને આધારે જનઆંદોલન ખડું કરવા માટે પ્રયાસ કરવો જોઈએ એમ ગાંધીને સૂચવ્યુ હતું. પણ ગાંધી એ મીઠુ એ ગરીબ કે અમીર, આબાલ કે વૃદ્ધ, શહેરી કે ગ્રામીણ કોઈપણ ભારતીય હોય એને સ્પર્શતો મુદ્દો છે મીઠાના કાયદા સામે જ સત્યાગ્રહ કરવાનું સમજાવ્યું. આમ જોઈએ તો સ્થાનિક પ્રશ્નો ને વાચા આપવા માટે જુદી રીતે દરેક પ્રાંતમાં આંદોલનનો વિચાર ખોટો નહોતો પરંતુ ગાંધી એ જેમ સૂતરના તાંતણે સ્વરાજની કલ્પના કરી હતી તેવી જ રીતે દાંડીયાત્રા દ્વારા મીઠાના કાયદાના ભંગ સાથે સમગ્ર ભારતીય પ્રજાને એક જ મુદ્દા ઉપર જોડી દેવાનું કામ કર્યું હતું.

ગાંધીએ માત્ર મીઠાંનો વિરોધ પકડી રાખવાની જ વાત કરી હતી એવું નહોતું, પરંતુ તેમણે મીઠાંના કાયદાના વિરોધ સાથે બીજા અનેક કામો કરવા પણ ભારતીયોને અનુરોધ કર્યો હતો. જેમકે દારૂના પીઠાંની અને વિદેશી કાપડની ચોકી કરી શકાય, મહેસુલ આપવાનું બંધ કરવાની શક્તિ હોય તો તે બંધ કરવું, વકીલ હોઈએ તો વકીલાત છોડવી, અસીલ હોઈએ તો અદાલત છોડવી, સરકારી નોકર હોઈએ તો નોકરી છોડવી વગેરે અનેક રસ્તાઓ દ્વારા લડતમાં જોડાવાનું આવાહ્ન કર્યુ હતું.